સુરત, સુરતના ઉધના રોડ નંબર-૪ પર આગ લાગવાના બનાવથી આસપાસમાં ડરનો માહોલ પેદા થયો હતો. લોકો મધરાતે પોતાના ઘરની છત પર ચડીને આગની દુર્ઘનાને જોવા લાગ્યાં હતાં. ભીષણ આગની જવાળાઓને ફાયરબ્રિગેડના કાફલાએ ભારે જહેમતથી કાબૂ કરી હતી.આગ બૂઝાવવાની કામગીરીમાં ૯ જેટલી ફાયરબ્રિગેડની ગાડીઓ કામે લાગી હતી.જોકે આગમાં કોઈ પણ પ્રકારની જાનહાની ન થઈ હોવાનું સામે આવ્યું હતું.ગોડાઉનમાં તમામ પ્રકારના વેસ્ટ મટીરીયલને કારણે આગ ઉગ્ર બની હતી. એટલું જ નહી પણ બાજુમાં જ ઝૂંપડપટ્ટી આવેલી છે. સ્થાનિક લોકોમાં ભયનો માહોલ હતો. જોકે ફાયરના જવાનો સમયસર આવી જતા રાહતનો શ્વાસ લીધો હતો. આગ ૩ કલાકે કાબૂમાં આવી ગઈ હતી. જોકે ૭ ફોર વ્હીલ વાહનો બળી ગયા હતા. જે એક ગંભીર બાબત હતી.સુરતના ઉધના રોડ નંબર-૪ ઉપર આવેલા ભંગારના એક ગોડાઉનમાં મધરાતે અચાનક આગ ફાટી નીકળી હતી.

# સાગબારાના શિક્ષક ખોડાજી ઠાકોરને નેશનલ ટીચર ઈનોવેશન એવોર્ડ

નર્મદા, સાગબારા તાલુકાની ભોરઆમલી પ્રાથમિક શાળાના શિક્ષક ખોડાજી ઠાકોર નુ ‘‘માય પોકેટ બુક ‘‘ ઈનોવેશનની પસંદગી થતાં તા. ૦૯ નવેમ્બર ૨૦૨૧ ને જ્ઞાન પંચમી ના શુભ દિવસે સર ફાઉન્ડેશન સોલાપુર દ્વારા ‘‘નેશનલ ટીચર ઈનોવેશન એવોર્ડ’’ થી સન્માન કરતાં નર્મદા જિલ્લા અને સાગબારા તાલુકાનુ ગૌરવ વધારેલ છે.શિક્ષક ખોડાજી ઠાકોરે જણાવ્યું હતું કે આ સન્માન ના સાચા હકદાર એ મારા નાના ભૂલકાઓ અને મારી કર્મભૂમિ ભોરઆમલી છે. આ સન્માન એમને અર્પણ કરતાં ખુબજ આનંદ વ્યક્ત કરું છું. સર ફાઉન્ડેશન સોલાપુરનો આભાર વ્યક્ત કરતાં આનંદ અનુભવું છુંસમગ્ર દેશમાં શિક્ષણ એક આવશ્યક જરૂરિયાત છે.

# નુસરત જહાં અને નિખિલ જૈન વચ્ચેની ચર્ચાઓ બોલિવુડમાં છવાઈ

કોલકતા, નુસરત જહાંએ કોલકાતાની પ્રાઈવેટ હોસ્પિટલમાં ૨૬ ઓગસ્ટે દીકરાને જન્મ આપ્યો હતો. આ સમયે તેની સાથે યશ દાસગુપ્તા હતો. નુસરતે દીકરાનું નામ ઈશાન રાખ્યું છે. નુસરત હોસ્પિટલમાં રજા લઈને ઘરે ગઈ ત્યારે તેની સાથે યશ દાસગુપ્તા હતો. આટલું જ નહીં, યશના ખોળામાં ઈશાન જોવા મળ્યો હતોબંગાળી એક્ટ્રેસ તથા તૃણમૂલ કોંગ્રેસ સાંસદ નુસરત જહાંએ નિખિલ જૈન સાથેના પોતાના પહેલા લગ્ન અંગે થયેલા વિવાદ પર હવે મૌન તોડ્યું છે. એક ઈન્ટરવ્યૂમાં નુસરતે આ અંગે વાત કરી હતી. નુસરત તથા નિખિલ જૈને ૨૦૧૯માં તુર્કીમાં લગ્ન કર્યાં હતાં. લગ્નના થોડાં સમય બાજ જ બંને અલગ થઈ ગયા હતાં. નુસરતે ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું, ’નિખિલે લગ્નમાં કોઈ ખર્ચો કર્યો નથી. તેણે હોટલના બિલ પણ ભર્યા નથી. મારે તેને કંઈ જ કહેવું નથી. હું ઈમાનદાર છું. મારી ઈમેજ ખોટી રીતે બતાવવામાં આવી છે. હવે હું બધું જ ક્લિયર કરી રહી છું. કોઈને દોષ આપવો સરળ છે, પરંતુ મેં આવું કર્યું નથી.’ નિખિલ તથા નુસરતે તુર્કીમાં ૧૯ જૂન, ૨૦૧૯ના રોજ ટર્કિશ મેરેજ રેગ્યુલેશનના આધારે લગ્ન કર્યાં હતાં. લગ્નના થોડા સમય બાદ નુસરત તથા નિખિલ અલગ થઈ ગયાં હતાં. ત્યારબાદ નુસરત પ્રેગ્નન્ટ થઈ હતી. આ સમયે નિખિલે આ બાળક પોતાનું ન હોવાની વાત કહી હતી તો નુસરતે કહ્યું હતું કે તેના લગ્ન કાયદેસર રીતે માન્ય નથી અને તેથી જ ડિવોર્સ લેવાનો સવાલ નથી. નુસરત ૨૦૧૯માં ્ર્ઝ્રની ટિકિટ પર બશીરહાટ લોકસભાની બેઠક પરથી ચૂંટણી જીતી હતી. સરત જહાંએ યશ દાસગુપ્તાનો જન્મદિવસ સેલિબ્રેટ કર્યો હતો. તેણે સો.મીડિયામાં આ તસવીરો શૅર કરી હતી, જેમાંથી એક તસવીરે ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે. આ તસવીરમાં યશ દાસગુપ્તાની બર્થડે કેક જોવા મળે છે. આ કેક પર હેપ્પી બર્થડે હસબન્ડ તથા ડેડ લખેલું છે. આ તસવીર જોયા બાદ ચાહકો અટકળ કરી રહ્યા છે કે નુસરતે યશ સાથે લગ્ન કરી લીધાં છે. જોકે બંનેમાંથી કોઈએ લગ્ન અંગે કોઈ વાત કરી નથી.

# સુરત દુષ્કર્મ કેસમાં સૌથી ઝડપી ચુકાદો આપવામાં આવ્યો

સુરત, મધ્યપ્રદેશના જ દતિયા અને ગ્વાલિયરમાં ૨૦૧૮ની સાલમાં ૬ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારનારા ૨૪ વર્ષના અલગ-અલગ કેદીઓને આજીવન કેદ અને દેહાંતદંડની સજા થઈ હતી. દતિયાના કેસમાં તો ચાર્જશીટ ફાઈલ થયાના ૩ દિવસમાં જ પોક્સો કોર્ટે સજા સંભળાવી દીધી હતી, જ્યારે ગ્વાલિયરવાળા કેસમાં પોક્સો કોર્ટે ૫ દિવસનો સમય લીધો હતો અને પછી ૨૪ વર્ષીય આરોપીને મૃત્યુદંડ કર્યો હતો. ૨૦૧૯માં ૧૪ ઓક્ટોબરે સુરતના એક વિસ્તારમાં સાડાત્રણ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરીને થેલીમાં નાખવાર આરોપી અનિલ યાદવને ૩૧ જુલાઈએ સુરત કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી. આ કેસમાં સરકાર સ્પીડ ટ્રાયલ માટે આદેશ કર્યા હતા. આ ઘટના બાદ આરોપી અનિલ યાદવ બિહારના બક્સર નાસી છૂટ્યો હતો અને પોલીસે તેના ઘરથી બાર કિલોમીટર દૂર મિત્રના ઘરેથી ઝડપી પાડ્યો હતો, ત્યાર બાદ પોલીસે આરોપીની પૂછપરછ હાથ ધરી હતી. આરોપીએ પોતાના ગુનાની કબુલાત કરતાં જણાવ્યું હતું કે બાળકી સાથે આ અપરાધ કરતાં પહેલાં તેણે પોતાના મોબાઈલમાં અશ્લીલ ફિલ્મો જોઈ હતી. બાળકી તેના રૂમમાં આવી જતાં જઘન્ય અપરાધને અંજામ આપ્યો હતો. બાદમાં બાળકીનું ગળું દબાવીને હત્યા કરી હતી. દુષ્કર્મ કેસમાં નજરે જોનારા કોઈ સાક્ષી ન હોવાને કારણે પોલીસે સાંયોગિક પુરાવાને આધારે તપાસ શરૂ કરી હતી. પોલીસની તપાસમાં કુલ ૩૫ સાક્ષી હતા. પોલીસે ઙ્ઘહ્વજીન્નો રિપોર્ટ, ઘટનાસ્થળ પરથી મળેલા પુરાવા, બાળકીના પિતાનું નિવેદન, પાલેજ સ્ટેશનના ઝ્રઝ્ર્ફ ફૂટેજ અને આરોપીની કોલ-ડિટેલને આધાર બનાવી કોર્ટમાં એક જ મહિનામાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ સમગ્ર પુરાવાને આધારે કોર્ટે આઠ મહિનામાં જ ફાંસીની સજા ફટકારી ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો હતો.સુરતની પોક્સો કોર્ટે ગુજરાતમાં રેપની ઘટનામાં સૌથી ઝડપી ચુકાદો આપતાં ૪ વર્ષની બાળકીના રેપિસ્ટને બનાવના ૨૯ દિવસમાં જ જીવનના અંતિમ શ્વાસ સુધીની કેદ કરી છે. ભારતના ન્યાયતંત્રના ઈતિહાસમાં સૌથી ઝડપી ચુકાદાની આ ૪થા ક્રમની ઘટના છે, જ્યારે મધ્યપ્રદેશના ઘાટિયા વિસ્તારમાં ૫ વર્ષની બાળકી પર દુષ્કર્મ કરનારા ૧૬ વર્ષના કિશોરને ચાર્જશીટ ફાઈલ થયાના ૨૪ કલાકમાં જ પોક્સો કોર્ટે બે વર્ષની સજા કરી હતી, એ અત્યારસુધીનો સૌથી ઝડપી ચુકાદો છે. આ ઉપરાંત એવી ચાર ઘટના છે,

જેમાં માસૂમ બાળાઓ પર દુષ્કર્મ ગુજારનારા હેવાનોને અદાલતોએ ૫ દિવસની અંદર જ આજીવન કેદથી માંડીને મૃત્યુદંડની સજા કરી છે. પોલીસ અને ન્યાયતંત્રની કામગીરીને સો-સો સલામ ભરવાનું મન થાય એવી આ ઘટનામાં કોર્ટે માત્ર પાંચ જ દિવસમાં ટ્રાયલ પૂર્ણ કરીને બુધવારે રાત્રે ૧૨ વાગ્યા સુધી કાર્યવાહી ચલાવી આરોપીને આકરી સજા ફટકારી છે. ગત ૧૨-૧૦-૨૦૨૧ના રોજ સચિન જીઆઈડીસીમાં ઝાડી-ઝાંખરામાંથી દુષ્કર્મ થયેલી હાલતમાં બાળકી મળી આવી હતી. ત્યાર બાદ ન્યાયિક પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ વિભાગોએ જબરદસ્ત સંકલન સાધીને આરોપી હનુમાન નિસાદને આજીવન કેદની સજાની સાથે સાથે દંડ ફટકાર્યો છે. ભોગ બનનાર બાળકી અને તેના પરિવારને સૌથી વધુ ૧૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા કોર્ટે આદેશ કર્યો છે.

# ઘણા સમય બાદ રાજકોટમાં સિનેમાઘરોમાં હાઉસફૂલના પાટિયા લાગ્યા

રાજકોટ, દિવાળીના તહેવારોમાં દેશમાં સૂર્યવંશી ઉપરાંત સાઉથના સુપરસ્ટાર રજનીકાંતની અન્નાથેએ પણ જોરદાર કલેક્શન મેળવ્યું છે. હોલિવૂડની ફિલ્મ ઈટર્નલ્સ પણ છવાઈ છે. જોકે સરકારે સિનેમા હોલમાં ૧૦૦ ટકા પ્રેક્ષકો સાથે છૂટ આપી છે. કોરોના ગાઈડલાઈન્સના ભંગનાં પણ દૃશ્યો જોવા મળી રહ્યાં છે. પ્રેક્ષકોએ માસ્ક પહેર્યાં નહોતા અને સોશિયલ ડિસ્ટસ્ટિંગનો ભંગ થતો જોવા મળી રહ્યો છે.કોરોનાકાળમાં છેલ્લાં પોણાબે વર્ષથી સિનેમા હોલ મૃતપ્રાયઃ સ્થિતિમાં હતા.

થોડો સમય સરકારે ૫૦ ટકા પ્રેક્ષકોની ક્ષમતા સાથે સિનેમા હોલમાં ફિલ્મ રિલીઝ કરવાની છૂટ આપી હતી, પરંતુ આ સમયગાળામાં જે ફિલ્મો રિલીઝ થઈ હતી એ ટિકિટબારી પર ખાસ કંઈ ઉકાળી શકી નહોતી, પરંતુ રાજકોટમાં દિવાળીના તહેવારો અને એ બાદ બોલિવૂડ માટે તેમજ થિયેટરમાલિકો માટે દિવાળી પર્વ શુકનવંતી બન્યું છે. દીપાવલી પર્વે રજૂ થયેલી ફિલ્મો સૂર્યવંશી, અન્નાથે અને હોલિવૂડની ફિલ્મ ઈટર્નલ્સ બોક્સ ઓફિસને ચેતનવંતી કરી છે.

શહેરના રેસકો્સ, ગ્રાઉન્ડ સામે આવેલી ગેલેક્સી સિનેમાઘરમાં બોક્સ ઓફિસ બહાર પ્રેક્ષકોની ટિકિટ લેવા રોજ લાંબી લાઈનો લાગે છે. ૧૦૦ ટકા પ્રેક્ષકો સાથે સિનેમાઘરો ધમધમવા લાગ્યાં છે તેમજ સિનેમાઘરોની બહાર હાઉસફુલનાં બોર્ડ લગાવવાની પણ ફરજ પડે છે. છેલ્લા ૨૦ મહિનાથી વધુ સમય સુધી અક્ષયકુમાર સ્ટાર ફિલ્મ સૂર્યવંશી થિયેટરમાં રજૂ થવા તૈયાર હતી, પરંતુ કોરોનાના વિઘ્નને લઈને એની તારીખો પડતી હતી. આ સમય દરમિયાન અન્ય ફિલ્મો્ પ્લેટફોર્મ પર રિલીઝ થઈ હતી. જયારે સૂર્યવંશીના નિર્માતાઓ ફિલ્મને સિનેમા હોલમાં રજૂ કરવા માગતા હતા. આખરે ધીરજનાં ફળ મીઠાં હોય એમ ધીરજ ફળી છે. દીપાવલીના તહેવારોમાં સૂર્યવંશી થિયેટરોમાં રિલીઝ થતાં જ લોકો જોવા ઊમટી રહ્યા છે. હાલ રાજ્યમાં ૧૦૦ ટકા પ્રેક્ષકોની છૂટ છે. આ ફિલ્મ જોવા પ્રેક્ષકો ઊમટી પડતાં પ્રથમ દિવસે જ ૨૭ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

**ZEAL AQUA LIMITED**

**CIN:** L05004GJ2009PLC056270
**Registered Office:** At Olpad GIDC Pl No. 4, 5, Ta Olpad, Surat 394540, Gujarat
**Tel.:** +02621-220047; **Website:** www.zealaqua.com **Email Id:** zealaqua@gmail.com

**Extract of Unaudited Financial Result for the Quarter and Half year ended 30th September, 2021**
**Amount in Lakh except EPS**

| Sl. No. | Particulars | Quarter ended 30th September 2021 | Half Year Ended 30th September 2021 | Quarter ended 30th September 2020 |
|---|---|---|---|---|
| | | (Unaudited) | (Unaudited) | (Unaudited) |
| 1 | Total Income from Operations | 8589.220 | 12244.485 | 7783.993 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 358.170 | 412.166 | 122.250 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 358.170 | 412.166 | 122.250 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 358.170 | 412.166 | 122.250 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income(after tax)] | 358.170 | 412.166 | 122.250 |
| 6 | Equity Share Capital | 1260.660 | 1260.660 | 1260.660 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year* | | | |
| 8 | Earnings Per Share (face value of Rs. 10/- each) (for continuing and discontinued operations) | | | |
| | 1. Basic | 2.84 | 3.27 | 0.97 |
| | 2. Diluted | 2.84 | 3.27 | 0.97 |

* Reserves for the year ended March 31, 2021 was Rs. 4545.806 lakhs

Note:
1. The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) at www.bseindia.com and the listed entity at www.zealqua.com.
2.The above financial results have been reviewed and recommended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at its meeting held on November 13, 2021.
3. The limited review as required under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015 has been completed by the auditors of the Company.

For **Zeal Aqua Limited**
Sd
**Shantilal Patel**
**(Chairman and Managing Director)**
**DIN: 01362109**

**Date:** 14.11..2021
**Place:** Surat

# બોલિવુડના હરીશ પટેલને હોલિવૂડમાં ફેમસ કિરદાર મળતા વાહવાહી

મુંબઈ

બોલિવૂડમાંથી હરીશ પટેલ ૨૦૦૪થી ગાયબ હતા. અહીં સૌએ તેમને બેકાર અને ગુમનામીમાં સરી પડેલા એક્ટર માનીને ભુલાવી દીધેલા. એટલે જ અચાનક તેમને હોલિવૂડની સુપરડુપર હિટ સિરીઝમાં મહત્ત્વના રોલમાં જોઈને સૌ મોંમાં આંગળાં નાખી ગયા છે. ખાસ કરીને ત્રણેક દિવસ પહેલાં માર્વેલના ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલ પરથી ‘ઈટર્નલ્સ’ ફિલ્મમાં હરીશ પટેલના પાત્ર ‘કરુણ’નું સ્પેશિયલ પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું, ત્યારથી તેમના વિશે થઈ રહેલા ગણગણાટનું વોલ્યુમ અનેકગણું વધી ગયું છે. ઈવન અમેરિકા ભણતા તેમના પૌત્રએ પણ આશ્ચર્ય વ્યક્ત કરીને કહ્યું કે, ‘દાદુ, તમે સ્ઝ્રેંની મૂવીમાં આવી ગયા, ગ્રેટ!’પાંચેક મહિના પહેલાં હોલિવૂડના ‘માર્વેલ સ્ટુડિયોઝ’ દ્વારા પ્રોડ્યુસ થયેલી સુપરહીરો ફિલ્મ ‘ઈટર્નલ્સ’નું ટ્રેલર રિલીઝ થયું. સ્ઝ્રેં તરીકે ઓળખાતા ‘માર્વેલ સિનેમેટિક યુનિવર્સ’ની ‘અવેન્જર્સ’, ‘ગાર્ડિયન્સ ઓફ ધ ગેલેક્સી’, ‘કેપ્ટન અમેરિકા’, ‘સ્પાઈડર મેન’, ‘ઈક્રેડિબલ હલ્ક’ ટાઈપની ફિલ્મોની કરોડો ચાહકો સતત કાગડોળે રાહ જોતા હોય છે. આ ફિલ્મોના ક્રેઝથી અજાણ વાચકોની જાણ સારુ કે બે વર્ષ પહેલાં માર્વેલની ‘અવેન્જર્સ એન્ડગેમ’ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે એની એ હદે ઉત્કંઠા હતી કે મલ્ટિપ્લેક્સોમાં ચોવીસે કલાકના શૉઝ ચલાવવા પડેલા, જેમાં રાત્રે એક-બે વાગ્યાથી લઈને સવારે ચારથી છ વાગ્યાના શૉઝ સામેલ હતા! એ સિરીઝની ‘ઈટર્નલ્સ’ના ટ્રેલરમાં એન્જેલિના જોલી, સલમા હાયેક, કિટ હેરિંગ્ટન (‘ગેમ ઓફ થ્રોન્સ’નો ‘જોન સ્નો’), રિચર્ડ મેડન, કુમૈલ નન્જીયાની જેવા સુપરસ્ટાર્સ ચમકતા હતા. તેમ છતાં આ ટ્રેલરમાં માત્ર બે-ચાર સેકન્ડ માટે દેખાતા એક કલાકારને જોઈને ભારતના સોશિયલ મીડિયામાં હર્ષની ચિચિયારીઓ ઊઠવા માંડી. તેનું કારણ હતું કે તે ટ્રેલરમાં આ સુપરહીરોઝની સાથે આપણા હિન્દી ફિલ્મોના ચરિત્ર અભિનેતા હરીશ પટેલ પણ હતા! હરીશ પટેલ મોટે ભાગે આપણે ત્યાં પરચૂરણ કોમિક અને ખલનાયકોના ટોળામાં દેખાતી ભૂમિકાઓ માટે જ જાણીતા છે. ‘મૈંને પ્યાર કિયા’, ‘મિસ્ટર ઈન્ડિયા’, ‘બોલ રાધા બોલ’, ‘આંખે’, ‘અંદાઝ અપના અપના’, ‘ઈઝ્ઝત’, ‘ઘાતક’ જેવી હિટ ફિલ્મોમાં જેને ‘બ્લિક્ર એન્ડ મિસ’ કહીએ તેવી નાનકડી ભૂમિકાઓ ભજવવા માટે જ યાદ કરવામાં આવે છે. એ સિવાય પણ તેમની હિન્દી ફિલ્મોની ફિલ્મોગ્રાફી ખાસ્સી લાંબી છે, પરંતુ એમાંનો એકેય રોલ એવો નથી કે જેના માટે હરીશ પટેલની ઓળખ આપી શકાય. હા, તેમણે શ્યામ બેનેગલની ‘મંડી’, ‘ભારત એક ખોજ’, ગોવિંદ નિહલાણીની ‘તમસ’, શંકર નાગની ‘માલગુડી ડેઝ’, ‘વાગલે કી દુનિયા’, કેતન મહેતાની ‘મિર્ચ મસાલા’ જેવી ઉમદા કૃતિઓમાં કામ કર્યું છે ખરું. ૧૯૯૮માં આવેલી મિથુન ચક્રવર્તી સ્ટારર ‘બી ગ્રેડ’ ક્રાઈમ ફિલ્મ ‘ગુંડા’માં ‘ઈબુ હટેલા’ નામના મવાલી ડોનની ભૂમિકા ભજવવા માટે હરીશ પટેલ અત્યારની જનરેશનમાં જાણીતા છે. તેનું કારણ એ છે કે ડિરેક્ટર કાંતિ શાહની આ ફિલ્મ ‘ઈટ્સ સો બેડ ધેટ ઈટ્સ ગુડ’ યાને કે એ એટલી ખરાબ છે કે એ જોવાની લિજ્જત આવે તેવી કેટેગરીમાં ‘કલ્ટ’ સ્ટેટસ ભોગવે છે. ખાસ કરીને આ ફિલ્મના જોડકણા છાપ ડાયલોગ્સના વીડિયોઝ ઈન્ટરનેટ પર આજેય લાખો વ્યૂઝ મેળવે છે. અત્યારની જનરેશનની ભાષામાં કહીએ તો હરીશ પટેલનું પાત્ર ઈબુ હટેલા ‘મીમ મટીરિયલ’ બની ચૂક્યું છે. મૂળ મુંબઈના અને મારવાડી હિન્દી સ્કૂલમાં ભણેલા ૬૭ વર્ષના હરીશ પટેલ છેક ૧૯૭૪થી થિયેટરમાં સક્રિય છે. ઈન ફેક્ટ, તેમણે ૧૯૬૭માં આવેલી ‘બૂંદ જો બન ગઈ મોતી’ નામની ફિલ્મમાં બાળ કલાકાર તરીકે પણ ભૂમિકા ભજવેલી.

# શાહરુખ વર્ષે રવિ સિંહને ૨.૭ કરોડ રૂપિયા પગાર ચૂકવે છે



મુંબઈ, શાહરુખ ખાન પહેલા મુંબઈમાં ડિરેક્ટર એટલીની ફિલ્મનું શૂટિંગ કરશે. ત્યાર બાદ ’પઠાન’નું શૂટિંગ શરૂ કરશે. આ ઉપરાંત શાહરુખ એક્ટર સલમાનની ફિલ્મ ’ટાઈગર ૩’ તથા આર માધવનની ફિલ્મ ’રોકેટરીઃ ધ નામ્બી ઈફેક્ટ’માં કેમિયો કરશે.શાહરુખ તથા ગૌરી ખાન છેલ્લા એક મહિનાથી દીકરાને કારણે પરેશાન રહ્યાં છે. આર્યન ખાનની ગયા મહિને દ્ગઝ્રમ્ (નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો)એ ક્રૂઝ પરથી ધરપકડ કરી હતી. ત્યાર બાદ આર્યન ખાનને આર્થર રોડ જેલમાં મોકલવામાં આવ્યો હતો. જામીન મળ્યા બાદ પણ દર શુક્રવારે આર્યન ખાને દ્ગઝ્રમ્ ઓફિસમાં હાજરી પુરાવા જવાનું છે. આર્યન હજી પણ નોર્મલ થયો નથી. શાહરુખ ખાને પણ શૂટિંગમાંથી બ્રેક લીધો છે. હવે માનવામાં આવે છે કે શાહરુખ પોતાના માટે નવો બૉડીગાર્ડ લેશે. વેબ પોર્ટલ ’બોલિવૂડ લાઈફ’ના અહેવાલ પ્રમાણે, આર્યનની ધરપકડ બાદથી શાહરુખ ખાન દીકરા માટે નવો બૉડીગાર્ડ શોધતો હતો. જોકે હવે તેણે પોતાનો નિર્ણય બદલ્યો છે. શાહરુખ હવે પોતાના માટે નવો બૉડીગાર્ડ લેશે અને પોતાનો બૉડીગાર્ડ રવિ સિંહને આર્યન સાથે રાખશે. આર્યન નવી વ્યક્તિ સાથે કમ્ફર્ટેબલ થઈ શકે એમ નથી, આથી જ રવિ સિંહને તે વર્ષોથી ઓળખે છે.

**સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
**સી.આઈ. એન.: એલ૫૧૯૦૯જીજે૨૦૦૦પીએલસી૦૩૭૩૨૯**
**રજિસ્ટરેડ ઓફિસ:** ૫૦૮, ઈસકોન એલિગન્સ, જૈનમંદિરની બાજુમાં, પ્રહલાદનગર પીકઉપ સ્ટેન્ડની બાજુમાં, વેજલપુર, અમદાવાદ -૩૮૦૦૫૧
ટેલિફોન: ૯૧૭૯ - ૬૬૧૬૮૯૫૦/૬૬૧૬૮૯૫૧, વેબસાઈટ: www.sikkoindia.com, ઈ-મેઈલ: compliance@sikkoindia.com

**૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને છમાસિક ગાળાના કાચા નાણાકીય પરિણામ**
(શેર દીઠ કમાણી સિવાય રકમ લાખમાં)

| વિગતો | ૩૦/૦૯/૨૦૨૧ ના રોજ પુરા થયેલ ત્રિમાસિક ગાળા | ૩૦/૦૬/૨૦૨૧ ના રોજ પુરા થયેલ ત્રિમાસિક ગાળા | ૩૦/૦૯/૨૦૨૦ ના રોજ પુરા થયેલ ત્રિમાસિક ગાળા | ૩૦/૦૯/૨૦૨૧ ના રોજ પુરા થયેલ છમાસિક ગાળા | ૩૦/૦૯/૨૦૨૦ ના રોજ પુરા થયેલ છમાસિક ગાળા |
|---|---|---|---|---|---|
| | કાચા | કાચા | કાચા | કાચા | કાચા |
| કામગીરીમાંથી કુલ આવક | ૧૨૭૧.૪૦ | ૧૦૯૭.૪૧ | ૨૦૧૪.૯૯ | ૨૩૬૮.૮૧ | ૨૨૦૭.૨૧ |
| સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને / અથવા અસામાન્ય વસ્તુઓ પહેલાં) | ૫૯૬.૨૫ | (૩૪૦.૮૨) | ૪૫૯.૨૭ | ૨૫૫.૪૩ | ૨૮૫.૬૫ |
| સમયગાળા માટે કર પહેલાંના ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પછી) | ૫૯૬.૨૫ | (૩૪૦.૮૨) | ૪૫૯.૨૭ | ૨૫૫.૪૩ | ૨૮૫.૬૫ |
| સમયગાળા માટે કર પછીના ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પછી) | ૫૨૩.૯૬ | (૩૩૯.૬૫) | ૩૫૦.૯૭ | ૧૮૪.૩૧ | ૨૦૧.૬૫ |
| સમયગાળા માટે કુલ વ્યાપક આવક (સમયગાળા માટે નફો / (નુકસાન) અને કરની બાદ અન્ય આવક (કર પછી) સમાવેશ થાય છે) | ૫૨૩.૯૬ | (૩૩૯.૬૫) | ૩૫૦.૯૭ | ૧૮૪.૩૧ | ૨૦૧.૬૫ |
| ઇક્વિટી શેર મૂડી | ૧૧૨૦.૦૦ | ૧૧૨૦.૦૦ | ૫૬૦.૦૦ | ૧૧૨૦.૦૦ | ૫૬૦.૦૦ |
| અનામત (પાછલા વર્ષના પાકી કરેલી બેલેન્સ શીટ મુજબ મૂલ્યાંકન અનામતને બાદ કર્યા પછી) | - | - | - | - | - |
| **શેર દીઠ કમાણી (ચાલુ અને બંધ કામગીરી માટે) -** | | | | | |
| બેઝીક: (સમાપ્ત ત્રિમાસિક ગાળા માટે વાર્ષિકીકરણ કર્યા વગર) | ૪.૬૮ | (૩.૦૩) | ૬.૨૭ | ૧.૬૫ | ૩.૬૦ |
| ડાલ્યુટેડ: (સમાપ્ત ત્રિમાસિક ગાળા માટે વાર્ષિકીકરણ કર્યા વગર) | ૪.૬૮ | (૩.૦૩) | ૬.૨૭ | ૧.૬૫ | ૩.૬૦ |

ઉપરોક્ત નાણાકીય એ સેબી સૂચિઓ નિયમનોનાં નિયમન ૩૩ હેઠળ એનએસઈ લિમિટેડ પાસે ફાઈલ કરેલા ત્રિમાસિક અને છમાસિક નાણાકીય પરિણામોના વિગતવાર બંધારણનો એક અર્ક છે. આખા ત્રિમાસિક અને છમાસિક નાણાકીય પરિણામો એનએસઈ ની વેબસાઈટ www.nseindia.com પર અને કંપનીની વેબસાઈટ www.sikkoindia.com પર ઉપલબ્ધ છે.

**સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે**
Sd/-
જયંતિભાઈકુંભાણી
વહીવટી સંચાલક (ડિઆઈએન: ૦૦૫૮૭૮૦૭)

તારીખ: ૧૩/૧૧/૨૦૨૧
સ્થળ: અમદાવાદ

**એક્સિસ બેંક લિમિટેડ**
(CIN: L65110GJ1993PLC020769)
**સ્ટ્રક્ચર્ડ એસેટ્સ ગ્રુપ અને કોર્પોરેટ ઓફિસ,** ૭મા માળે, "એક્સિસ હાઉસ", સી-૨, વાડિયા ઈન્ટરનેશનલ સેન્ટર, પાંડુરંગ બુધકર માર્ગ, વરલી, મુંબઈ - ૪૦૦૦૨૫. www.axisbank.com
**રજિસ્ટર્ડ ઓફિસઃ** "ત્રિશુલ", ત્રીજો માળ સામે. સમર્થેશ્વર મંદિર, લો ગાર્ડન પાસે, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૬.
**કોર્પોરેટ બેંકિંગ શાખાઃ** મિત્તલ ટાવર, નંબર ૧૨, એ-વિંગ, નરીમાન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦૦૨૧.

**સિક્યોરિટાઈઝેશન અને રીકન્સટ્રક્સન ઓફ ફાઈનાન્સીયલ એસેટ સક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ડ એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ સીકુઅમલ**

**પેન્ટ ગોલ્ડ લીમીટેડ ( સાચા અર્થમાં પેન્ટ ગોલ્ડ પ્રાઈવેટ લીમીટેડ તરીકે ઓળખાતી )( કરજદારની કંપની )**તેમણે સમાન્ય સંજોગોમાં ક્રડીટની સગવડ વર્કીંગ ક્રેડીટની સગવડ એકસીસ બેંક ( બેંક ) માંથી રૂ.૨૦ કરોડ અને રૂ.૦.૬૯ કરોડ તે એલએલસીઓવી-એફઆઈટીએલ ની પધ્ધતિથી મેળવી છે તે અહી અને નીચે દર્શાવેલી સ્થાવર અને અસ્થાયી મિલકતને ગીરો મુકીને લોન લીધી છે તે ડજામીનગીરીઓ જામીનોએ બેંકની તરફેણમાં કરી આપી છે.ગીરો મુકનાર, ની તરફેણમાં ગીરો મુકરનાર, જામીનદાર નામ નીચે જણાવવામાં આવ્યા છે, બાકી લેણા ચુકવવામાં નિષ્ફળ ગયા છો તે મુળ રકમ અને તેના પરનુ વ્યાજ ચુકવવાનું વચન આપેલું છે **તા. ૧-૧૨-૨૦૨૦ના** રોજ કરજદારનું ખાતુ નોન પર્ફોમીંગ એસેટ (એનપીએ) તરીકે ગણવામાં આવ્યું છે. AXIS/SA/PRK/2021-22/606 પર્ફોમીંગ તા.૧૪-૧૦-૨૦૨૧ ના રોજ કરજદાર કંપની , ની તરફેણમાં ગીરો મુકનાર, ગીરોમુકરનાર, જામીનાદાર,ને સીકયુરાઈઝેશન એન્ડ રીકન્સકટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ અન્ડ એન્ફોર્સમેન્ટ સીકયુરીટી એકટ ,૨૦૦૨ **(સરફેસી એકટ )** તે બાકી નિકળતી રકમ **રૂ.૨૩,૭૫,૧૫,૧૭૦.૭૫ ( ત્રેવીસ કરોડ પંચોતેર લાખ પંદર હજાર એકસો સીતેરને પંચોતેર પૈસા ) તા.૩૦.૦૯.૨૦૨૧ના** રોજની બાકી ત્યાર બાદનો નક્કી થયેલો વ્યાજનો દર જે ઉપર દર્શાવ્યો છે **તા.૦૧.૧૦.૨૦૨૧ના** રોજ તેમના છેલ્લા સરનામા પર મોકલવામાં આવી છે. આ કેહવાતી માંગણા નોટીસ **તા.૧૪.૧૦૨૦૨૧ના** રોજ સ્પીડ પોસ્ટ મારફતે મોકલી હતી તે કરજદાર અને જામીનાદર શ્રી કેતન શ્રોફને મેઈલથી પણ મોકલવામાં આવી હતી તે હજુ સ્વીકારવાનો સંદેશો આવ્યો નથી આ નોટીસ પરત આવી છે.

સકફેસી એકટ ની કલમ ૧૩(૨) હેઠળ એકસીસ બેંક લીમીટેડ આ નોટીસ મારફતે કરજદાર, ગીરોમુકનાર, જામીનદારને **રૂ.૨૩,૭૫,૧૫,૧૭૦.૭૫ ( ત્રેવીસ કરોડ પંચોતેર લાખ પંદર હજાર એકસો સીતેરને પંચોતેર પૈસા ) તા.૩૦-૦૯-૨૦૨૧ના** રોજની બાકી ત્યારબાદનું **તા.૦૧-૧૦-૨૦૨૧નું** વ્યાજ આ નોટીસની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવી જવા જણાવવામાં આવે છે.

**ઋણ લેનાર કંપની/હાયપોથેકેટર/જામીનદાર/મોર્ટગેગરનું નામ અને સરનામું**
**૧) પેન્ટા ગોલ્ડ લિમિટેડ (અગાઉ પેન્ટા ગોલ્ડ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતું) (ઋણ લેનાર અને હાઈપોથેકેટર)**
**રજિસ્ટર્ડ ઓફિસ ધરાવે છેઃ** પેન્ટા હાઉસ, ૨૨૨૪-માણેક ચોક, ઓલ્ડ છ.જી.ઈ. સામે, અમદાવાદ- ૩૮૦૦૦૧.
**કોર્પોરેટ ઓફિસ ધરાવે છેઃ** ૩૦, પહેલો માળ, ચંપા ગલી, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦૦૦૨.
**શોરૂમ ધરાવે છેઃ** દુકાન નંબર ૭, ગ્રાઉન્ડ ફલોર, જ્વેલ વર્લ્ડ, ૧૭૫, કાલબાદેવી રોડ, મુંબઈ- ૪૦૦૦૦૨
**અને ઓફિસ ધરાવે છેઃ** ૮૧૨, જ્વેલ વર્લ્ડ, ૧૭૫, કોટન એક્સચેન્જ બિલ્ડીગ, ઝવેરી બજાર પાસે, કાલબાદેવી બજાર, મુંબઈ-૪૦૦૦૨૨.
**૨) શ્રી કેતન મધુસુદન શ્રોફ (ડિરેક્ટર, મોર્ટગેગર અને ગેરેન્ટર)** ૭૦૧, અંજલિ, શિવાજી માર્ક, વાકોલા બ્રિજ, સાંતાક્રુઝ (પૂર્વી), મુંબઈ-૪૦૦૦૫૫.

**ગીરો મિલકતનું વર્ણન**
**સ્થાવર મિલકતની વિગતો**

**૧ હાલના ( સ્ટોક અને દેવાદારો) નો ગીરો કરાર તારીખ ૩ જી જુલાઈ ૨૦૧૪ ના રોજ તમાર દ્વારા તપાસાયેલો ૧ દ.ત. પેન્ટા ગોલ્ડ લીમીટેડ**

**બેક ને ગીરો મુકેલ તમામ બાબતો એક એક મુદ્દા** તમામ સ્ટોક હાલનો અને ભવિષ્યનો જેમ કે કાચો માલ જે કામગીરીમાં હોય, તૈયાર માલ, રોકડ અને અત્યારની હાલની મિલકતો જે હોય તે સ્થાવર મિલકત કે પછી જે લેવાની હોય તે કે પછી કોઇ પણ જે કરજદારની તરફેણમાં હોય તે તમામ , કરજદારનું કારખાનું કે પછી જગ્યા મિલકત કઇ પણ જેમાં કરજદારનો કબ્જો હોય તે ( સુયકત રીતે કરન્ટ એસેટના સદર્ભમાં ) બાકીનિકળતી રકમ , જે સુચના મળવાપાત્ર હોય તે દાવા અને બિલ કે જ અત્યારે બાકી છે અને કરજદારના વ્યવસાયમાં તેના મારફતે કે પછી કોઇપણ વ્યકિત મારફતે આ મિલકત કે જે હાલ બાકી લેણામાં છે તે દરમ્યાનની પણ કોઇ મિલકત જે મિલકત ધરાવતા હશે કે બાકીમાં ગણાશે,પેઢી,કંપની , કે કોર્પોરેટ બોડી, કે પછી કોઇ સરકારી વિભાગ કે પછી મ્યુનિસિપલ , સ્થાનિક કે અર્ધસરકારી વિભાગ સત્તાવાળાઓ કે પછી કોઇ પણ વિભાગ કે કોર્પોરેટની કોઇ બોડી જે આ પ્રોજેકટ હેઠળ કે પછી જાહેર સાહસ હોય **(સંયુકત રીતે અહી અને હવે પછી ડેબ્ટ તરીકે સંદર્ભમાં લેવાશે)**હાલની **ચાલુ ગીરો મિલકત કે બાકી નિકળતી રકમ** કરજદારે બેંકને આપવાની છે તે જયારે બેક માંગે ત્યારે આપવાની છે સમયાંતરે જ સુચનાઓ મળતી રહે તે પ્રમાણે કરજદારે જે બેંકમાંથી નાણાં લીધા છે તે બાકી નાંણાં ચુકવવાના છે તેમાં કાયદાકીય ખર્ચ અન્યા કિમંત,ચાર્જ, ચુકવણી, વળતર, અને ચુકવવા પત્ર રકમ બાબતે થતો ખર્ચ અહી અને હવે પછી તે મિલકત પરનો આકસ્મીક ખર્ચ વગેરે ( સંયુકત રીતે તે બાકીના સંદર્ભ ગણાશે. )

**૨ ગીરોખતનો વધારાનો તારીખમી માર્ચ ૨૦૧૬ના રોજનો કરાર કે જે તમે પેન્ટા ગોલ્ડ લીમીટેડ મારફતે તપાસ્યો હતો તે** તમામ સ્ટોક હાલનો અને ભવિષ્યનો જેમ કે કાચો માલ જે કામગીરીમાં હોય , તૈયાર માલ, પેકેજીંગ મટરીયલ, રોકડ અને અત્યારની હાલની મિલકતો જે હોય તે સ્થાવર મિલકત કે પછી જે લેવાની હોય તે કે પછી કોઇ પણ જે કરજદારની તરફેણમાં હોય તે તમામ , નિકાલ કરવા યોગ્ય હોય તે મિલકત પણ,અને સમયે સમયે સંગ્રહ કરવામાં આવતો તથા નવો લેવાનો કે કરજદારની ફેકટરીના સંબંધમાં આવતો કોઇ પણ સામાન તે પછી કોઇપણ જગ્યાએ હોય કોઇ બીજી જગ્યાએ કરજદારના કબ્જામાં રહેલો તમામ માલસમાન

( તે તમામ અહી અને હવે પછી સ્ટોક તરીકેનો સંદર્ભ લેવાશે. ) બાકી , સુચનાઓ , મળવાપત્ર,દાવા,બીલો,કે જે કરજદારના વ્યવાસાયને લગતા કોઇપણ વ્યાવહારમાં સતત ચાલતી કામગીરીમાં અત્યારે અને હવે પછી કરજદાર ધરાવતા હોય તે મિલકતો તેપેઢી,કંપની , કે કોર્પોરેટ બોડી, કે પછી કોઇ સરકારી વિભાગ કે પછી મ્યુનિસિપલ , સ્થાનિક કે અર્ધસરકારી વિભાગ સત્તાવાળાઓ કે પછી કોઇ પણ વિભાગ કે કોર્પોરેટની કોઇ બોડી જે આ પ્રોજેકટ હેઠળ કે પછી જાહેર સાહસ હોય પછી કોઇપણ વ્યકિત મારફતે હોય તે ( બાકી તરીકે ગણાશે)

એક એક પાઇનો ચાર્જ કે જે સ્થાવર મિલકત પર નો કે જે એકસીસ બેકે અહી નીચે વર્ણવી છે તે .સાથે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા અને કુરુર વેશ્ય બેંક .

**સ્થાર મિલકતનું વર્ણન**

**૧ મેમોરેડમની શરૂઆતમાં ગીરો મુકવામાં આવી ( કરાર આધારિત બેંકની તરફેણમાં ગીરો )તારીખ ૧૩ ઓગષ્ટ ૨૦૧૫ અને મેમેરોન્ડમની શરૂઆતના વિશાળ અર્થમાં ( ઈકવીટેબલ મોર્ગેજ વધાર્યુ )તા.૩૦મી માર્ચ ૨૦૧૬ તમારા મારફતે કરાવાઈ છે.જેમ કે ૨ શ્રી કેતન મધુસુદન શ્રોફ.**

દુકાનનનં.૧.તેનું માપ ૮૧૦ સક્વેર ફુટ કારપેટ એરીયા,ગ્રાઉન્ડ ફલોર ,વલ્લભ વિહાર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. ખાતે આવેલી , તે સીટી સર્વે નં.૪૮૨૭ અને ૪૮૨૮ ગામ ઘાટકોપર કીરોલ,એમ.રોડ પર આવેલી , ઘાટકોપર .(ઈન્ટ) મુંબઈ-૪૦૦૦૭૭

**૨ સામાન્ય ગીરોખત તરીકે નોંધાયેલી ( કબ્જા વિના )તા.૨૯મી માર્ચ ૨૦૧૬ તમારા મારફતે કરાવાઈ છે. દા.ત.૨ શ્રી કેતન મધુસુદન શ્રોફ.**

મિલકત તે સીટી સર્વે નં.૩૫૬૮ થી ૩૫૭૦ તેનું માપ ૩૭ સક્વેર યાર્ડ તે ગ્રાઉન્ડ , પહેલા, બીજા અને ત્રીજા માળે બંધાયેલ છે.તે જમાલપુર વોર્ડ ૨ ,તાલુકો સીટી જિલ્લો અમદાવાદ સબ ડીસ્ટ્રીક ઓફ અમદાવાદ-૧ (સીટી )તેનું પોસ્ટલ એડ્રેસ ૨૨૨૪, માણેક ચોક,જુના શેર બજાર સામે,અમાદાવાદ-૩૮૦૦૦૧. તેની ચારે બાજુ

| | | | |
|---|---|---|---|
| પૂર્વઃ સાઈડ કોમન વોલ સાથે સિટી સર્વે નંબર ૩૫૭૨ | પશ્ચિમઃ સાઈડ કોમન વોલ સાથે સિટી સર્વે નંબર ૩૫૬૬ | ઉત્તરઃ ફ્રન્ટસાઈડ, મુખ્ય પ્રવેશદ્વાર અને પોલ શેરી રોડ | દક્ષિણઃ પાછળની બાજુસામાન્ય દિવાલ સિટી સર્વેનંબર ૩૫૭૫ અને ૩૫૭૭ સાથે |

ફર્નિચર અને ફિક્સર જેવી અન્ય સંપત્તિઓ સાથે તેના પર બાંધવામાં આવેલી ઈમારતો સાથે, સાધનો, મશીનરી - નિશ્ચિત અને જંગમ, માળખાં અને તેના પર સ્થિત અન્ય કોઈપણ સંપત્તિ.

**III) મેમોરેન્ડમ ઑફ એન્ટ્રી (ટાઈટલ ડીડ્સની ડિપોઝિટ દ્વારા ન્યાયપૂર્ણ ગીરો) તારીખ ૦૬મી સપ્ટેમ્બર ૨૦૧૬ તમે નંબર ૨ એટલે કે શ્રી કેતન મધુસુદન શ્રોફ દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યું હતું.**
સીટીએસ નં. ૩૫૬૭, સર્વે નં. ૩૭૮ હિસ્સા નં.૧ (ભાગ), ફ્લેટ નં. ૬૦૩, ૬ઠ્ઠા માળે, બિલ્ડીગમાં "અંજલિ એપાર્ટમેન્ટ CHS લિમિટેડ" Admn. ૩૩૬ ચો. Fts. કાર્પેટ એરિયા, શિવાજી નગર રોડ, વાકોલા, બ્રિજ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૫.

ઉપરોક્ત ઉધાર લેનાર કંપની/ હાયપોથેકેટર/ બાંયધરી આપનાર/ મોર્ટગેગરને સલાહ આપવામાં આવે છે કે;

- આ નોટિસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની ચૂકવણી કરો જેમાં નિષ્ફળ થવા પર બેંક હકદાર બનશે અને તેને ઉપલબ્ધ તમામ અથવા કોઈપણ અધિકારોનો ઉપયોગ કરી શકશે તે ઉલ્લેખિત સુરક્ષિત અસ્કયામતોના સંદર્ભમાં સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ (૪) અને ૧૫ હેઠળ અહી સુરક્ષિત સ્કયામતો / પ્રોપર્ટીનો કબજો લેવાનો સમાવેશ થાય છે બેંકને મોર્ટગેજ/હાઈપોથેકેટેડ ચાર્જ અને જે અમારી તારીખની નોટિસમાં દર્શાવેલ છે ૧૪.૧૦.૨૦૨૧ અને ફરીથી અહી ઉપર વર્ણવેલ અને કારોબારના સંચાલનનું ટેકઓવર ઉધાર લેનાર કંપની.
- સરફેસી એક્ટની કલમ ૧૩ (૧૩)ની શરતોમાં, તમે વેચાણ, લીઝ અથવા અન્યથા ૧૪.૧૦.૨૦૨૧ની ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ કોઈપણ સુરક્ષિત અસ્કયામતો / પ્રોપર્ટીઝ અને બેંકની પૂર્વ લેખિત સંમતિ વિના પણ અહીં ઉપર વર્ણવેલ છે.
- સમયના સંદર્ભમાં સરફેસી એક્ટની કલમ ૧૩ (૮) ની જોગવાઈ તરફ ધ્યાન આમંત્રિત કરવામાં આવે છે ૧૪.૧૦.૨૦૨૧ની ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ સુરક્ષિત અસ્કયામતો / સંપદાઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ છે અને પણ અહી ઉપર વર્ણવેલ.
- સરફેસી એક્ટની જોગવાઈ મુજબ, તે પણ જાણ કરવામાં આવે છે કે જો ૧૪.૧૦.૨૦૨૧ની ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ સુરક્ષિત અસ્કયામતો/મિલકતોનું લિક્વિડેશન અને અહી ઉપર વર્ણવેલ બેંકના લેણાંને આવરી લેવા માટે પર્યાપ્ત નથી, બેંક તેનો અધિકાર અનામત રાખે છે ઉપરોક્ત ઉધાર લેનાર કંપની / હાયપોથેકેટર / બાંયધરી આપનાર / મોર્ટગેગર સામે કાર્યવાહી કરવા માટે યોગ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરીને બાકી લેણાંની વસૂલાત માટે સંયુક્ત રીતે અને અલગથી.
- તે તમામ ખર્ચ, શુલ્ક, ખર્ચ કે જે બેંક દ્વારા તેની પ્રક્રિયામાં કરવામાં આવશે કલમ ૧૩ (૪) હેઠળની કાર્યવાહી અને તેને લગતી આકસ્મિક કાર્યવાહીઓ પાસેથી વસૂલાતપાત્ર રહેશે સરફેસી હેઠળ નિર્ધારિત રીતે ઉધાર લેનાર કંપની / હાયપોથેકેટર / જામીનદાર / ગીરો એક્ટ.
- ૧૪.૧૦.૨૦૨૧ની આ ડિમાન્ડ નોટિસ બેંકના પ્રારંભના અધિકાર સાથે પૂર્વગ્રહ વિના જારી કરવામાં આવી છે / ઋણ લેનાર કંપની / હાઈપોથેકેટર / બાંયધરી આપનાર / સામે આવી અન્ય કાનૂની કાર્યવાહી ચાલુ રાખો મોર્ટગેગર, જેમ કે બેંક તેના કાયદેસર લેણાંની વસૂલાત માટે યોગ્ય ગણે.

Sd/-
અધિકૃત અધિકારી
એક્સિસ બેંક લિ.

**તારીખઃ ૧૪.૧૦.૨૦૨૧**